# જીલ્લા શિક્ષણ તાલીમ ભવન ભરૂચ આયોજીત મા. વિભાગના શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા તાલીમમાં શાળાના શિક્ષકોએ તાલીમ લીધી.







| તારીખ | વિષય | શિક્ષકનું નામ |
|---|---|---|
| ૨૩,૨૫,૩૦/૯/૨૪ | ગણિત | કૌશિકભાઇ મિસ્ત્રી<br>(માસ્ટર ટ્રેનર તરીકે તાલીમ આપી |
| ૨૩ થી ૨૮/૯/૨૪ | વિજ્ઞાન | કિરણભાઇ પટેલ |
| ૩ થી ૫/૧૦/૨૪ | ગુજરાતી | મનીષાબેન જાદવ |
| ૫ થી ૭/૧૨/૨૪ | અંગ્રેજી | ચીમનભાઇ પરમાર |

# શિક્ષકોના બુક - રીવ્યુ



| તારીખ | શિક્ષકનું નામ | પુસ્તકનું નામ | લેખકનું નામ |
|---|---|---|---|
| ૨૯/૬/૨૪ | અલ્પેશભાઇ પટેલ | સુખ એટલે? | મોહમ્મદ માંકડ |
| | મનીષાબેન જાદવ | પાનખરના તોરણ | અંબેલાલ.ગો.પટેલ |
| ૩૧/૭/૨૪ | વંદનાબેન ભાભોર | વિચાર | રાજ ભાસ્કર |
| | ચીમનભાઇ પરમાર | ઋતુંભર ની કલમે | ચીમનભાઇ પરમાર |
| ૩૧/૮/૨૪ | કુસુમબેન માવર | | |
| | કિરણભાઇ પટેલ | સફળતાના સાત આધ્યાત્મિક નિયમો | દિપક ચોપરા |
| ૩૦/૯/૨૪ | જયોતિબેન મજિઠિયા | મૂર્તિપૂજા | પ્રવચન સંગ્રહ |
| ૩૦/૧૧/૨૪ | પરેશભાઇ પટેલ | બંધ ઓરડાની ભીતરામાં | શ્રધ્ધા ત્રિવેદી |
| | સાલેહા સિદ્દિકી | વિસ્મયનું પરોઢ | ગુણવંત શાહ |

## રતન ટાટા


હું તમારો ચહેરો યાદ કરવા માંગું છું.
જેથી જયારે હું તમને સ્વર્ગમાં મળીશ, ત્યારે તમને ઓળખી શકું
અને ફરી એકવાર તમારો આભાર માની શકું
જયારે ભારતીય અબજોપતિ રતનજી ટાટાને
રેડિયો પ્રસ્તુતકર્તા એ ટેલિફોન ઇન્ટરવ્યુમાં પૂછયું?
સર જયારે તમેન જીવનની સૌથી ખુશીની ક્ષણ મળી ત્યારે તમને શું યાદ છે?
રતનજી ટાટાએ કહ્યું : હું જીવનમાં ખુશીના ચાર તબકકમાંથી પસાર થયો છું અને આખરે મને સાચા સુખનો અર્થ સમજાયો

**પ્રથમ તબકકો**
સંપત્તિ અને સંસાધનો એકઠા કરવાનો હતો પણ આ તબકકે મને જોઇતું સુખ મળ્યું નથી

**બીજો તબકકો**
કીમતી વસ્તુઓ એકત્ર કરવાનો પણ મેન સમજાયું કે આ વસ્તુની અસર પણ ક્ષણિક હોય છે અને કિંમતી વસ્તુઓની ચમક પણ લાંબો સમય ટકતી નથી.

**ત્રીજો તબકકો**
મોટો પ્રોજેકટ મેળવવાનો તે સમયે મારી પાસે ભારત અને આફ્રિકામાં ડીઝલનો ૯૫% પુરવઠો હતો.
હું ભારત અને એશિયાની સૌથી મોટી સ્ટીલ ફેકટરીની માલિક પણ હતો.
અહી પણ મને એ સુખ નથી મળ્યું જે મેં ધાર્યુ હતું.

**ચોથો તબકકો**
જયારે મારા એક મિત્ર એ મને કેટલાક અપંગ બાળકો માટે વ્હીલચેર ખરીદવાનું કહ્યું.
લગભગ ૨૦૦ બાળકો એક મિત્રના કહેવાથી મેં તરત જ વ્હીલચેર ખરીદી
પરંતુ મિત્રે આગ્રહ કર્યો કે હું તેની સાથે જાઉ
અને બાળકોને વ્હીલચેર સોંપી દઉ....
હું તૈયાર થઇને તેની સાથે ગયો, ત્યાં મેં આ બાળકોને મારા પોતાના હાથે આ વ્હીલચેર આપી.
મેં આ બાળકોના ચહેરો પર ખુશીની એક વિચિત્ર ચમક જોઇ
મેં તે બધાને વ્હીલચેરમાં બેસતા, ચાલતા અને મજા કરતા જોયા.
એવું લાગતું હતું કે (રતન ટાટા પોતે) તેઓ કોઇ પિકનિક સ્પોટ પર પહોંચ્યા હતા
જયાં તેઓ વિજેતા ભેટ વહેંચી રહ્યા હતા. મેં મારી અંદર વાસ્તવિક આનંદ અનુભવ્યો જયારે મેં ત્યાં થી જવાનું નકકી કયું ત્યારે એક બાળકે મારો પગ પકડી લીધો
મેં ધીમેપ ધીમે મારા પગ છોડાવવાનો પ્રયત્ન કર્યો
પરંતુ બાળકે મારા ચહેરા તરફ જોયું અને
મારા પગને જકડી રાખ્યા મેં ઝૂકીને બાળકને પૂછયું...?
તમને બીજું કંઇ જોઇએ છે...?
આ બાળકે મને જે જવાબ આપ્યો તેમનાથી મને માત્ર
આઘાત જ લાગ્યો નથી પરંતુ જીવન પ્રત્યેનો મારો દ્રષ્ટિકોણ પણ
સંપૂર્ણપણે બદલાઇ ગયો



આ બાળકે કહ્યું હું તમારો ચહેરો યાદ કરવા માંગું છું જેથી
જયારે હું તમને સ્વર્ગમાં મળીશ ત્યારે હું તમને ઓળખી શકું અને ફરી એકવાર તમારો આભાર માની શકું.

# ઉચ્ચત્તર માધ્યમિક કોમર્સ વિભાગમાં થયેલ શાળાકીય પ્રવૃતિઓ, કાર્યક્રમ અને વિવિધ  ઉત્સવોની ઉજવણી (વર્ષ : ૨૦૨૪-૨૫)



**તા. ૧૯/૦૧/૨૩ અને ૧૦/૦૨/૨૩ : વાલી મિટીંગ :** ધો. ૧૨ ગુ.મા. અને અં.મા.ની દ્વિતીય/પ્રિ-પ્રિલિમ પરીક્ષા અંતર્ગત વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવવા માટે વિષય શિક્ષકો દ્વારા વ્યકિતગત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

**તા. ૧૪/૦૨/૨૪ : વાલી મિટીંગ :** ધો. ૧૧ ગુ.મા અને અં.મા. ના વિદ્યાર્થીઓની દ્વિતીય પરીક્ષા સંદર્ભે વાલી મિટીગનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવવા સંદર્ભે વિષય શિક્ષકો દ્વારા વ્યકિતગત માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું.

**તા. ૨૫/૦૬/૨૪ : મંગલ જાદુગર :** ધો. ૧૧ અને ૧૨ ગુ.મા. અને અં.મા.ના કુલ ૯૦ વિદ્યાર્થીઓએ ભરૂચ સ્થિત પંડિત ઓમકારનાથ ઠાકુર ભવનમાં પ્રતિષ્ઠિત એવા "**મંગલ જાદુગર**"નો ૨ કલાકનો શો ખૂબ જ આશ્ચર્યજનક અને મનોરંજન પૂર્વક નિહાળ્યો હતો.

**તા. ૧૮/૦૭/૨૪ : શાળા પંચાયત ચૂંટણી :** શાળાનાં વિદ્યાર્થીઓ લોકશાહીના મૂલ્યોને જાણે, તેમનામાં નેતૃત્વ શકિત, નિર્ણય શકિત, સમસ્યા ઉકેલ જૂથ ભાવના, જેવા ગુણો અને કૌશલ્યોનો વિકાસ થાય. વિદ્યાર્થીઓ તેમને સોંપેલ જવાબદારી અને સત્તા અંગે સભાન બને તેમજ ઉમેદવારીનો અને મતદાનનો એક ઉમદા અનુભવ પ્રાપ્ત કરે તે હેતુથી શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી.



| માધ્યમ | G.S. | L.R |
|---|---|---|
| ૧૧ ગુ.મા. | પાલ કપિલ બી. | પટેલ ભવ્યા આર. |
| ૧૧ અં.મા. | Mehta Mahir K. | Kapadia Dhyani G. |



**તા. ૨૮/૦૮/૨૪ : પ્રેરણાત્મક માર્ગદર્શન :** શાળાના ડાયરેકટરશ્રી ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ દ્વારા કોમર્સના વિદ્યાર્થીઓને કોમર્સના ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું.

**તા. ૨૯/૦૮/૨૪ : Rangotsav Celebration :** દ્વારા આયોજિત National Level Art Competition માં ૧૨ ગુ.મા.ના ભાગ ના ૮ અને ૧૨ અં.મા. ના ૮ વિદ્યાર્થીઆએ ભાગ લીધો. કન્વીનર : ઉન્નતિબેન

**તા. ૧૭/૦૮/૨૪ : રક્ષાબંધનની ઉજવણી :** ધો. ૧૧ અને ૧૨ના અં.મા. અને ગુ.માં. ના વિદ્યાર્થીઓએ રક્ષાબંધનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી. વિદ્યાર્થિની બહેનોએ ભાઇઓને કંકુના તિલક કરી રક્ષા બાંધી ચોકલેટની ભેટ આપી. કન્વી. શિક્ષક : ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ

**તા. ૫/૦૯/૨૪ : શિક્ષકદિનની ઉજવણી :** ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને શિક્ષકદિન તરીકે શિક્ષકો કે જે ભાવિ નાગરિકોનાં ઘડવૈયા છે જેમના થકી વિકસિત રાષ્ટ્રનું નિર્માણ થાય છે તેમને સન્માનિત કરવા શિક્ષકદિન ઉજવાય છે. આ બાબતના સંદર્ભે કોમર્સ વિભાગના ધો. ૧૨ ગુ.મા. અને અં.મા.ના કુલ ૮૩ વિદ્યાર્થીઆએ પૂર્વ પ્રાથમિક વિભાગથી લઇ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકેની ઉપરાંત સુપરવાઇઝર અને પ્રિન્સિપાલ તરીકેની ભૂમિકા ભજવી ખૂબ જ સરસ કામગીરી કરી દિવસને યાદગાર બનાવ્યો.કન્વી. શિક્ષક : રજનીબેન પટેલ, ઉર્વશીબેન જાની





